હરિ નજર - ખરી નજર

મનમોહનસિંહ પર મમતા દબાણ કરે છે એમ તું મારી ઉપર ન કર, ટેકો પાછો ખેંચી લેવાની ધમકી ન આપ. સરકારની જેમ હુંય હચમચી જઈશ !

ચૌધરી કન્યા વિદ્યાલયની બાળાઓ નિબંધ સ્પર્ધામાં વિજેતા બની

ગાંધીનગર, તા.૧૮

ગાંધી વર્તુળ સંસ્થા તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ગાંધીજીના મૂલ્યો, વૃતો નિબંધ સ્પર્ધા યોજેલ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની બાળાઓ વિજેતા બની હતી. ચૌધરી રીંકલ દ્વિતીય, સથવારા પ્રિયંકા અને પ્રજાપતિ હેતલને આશ્વાસન ઈનામ મળેલ છે. ઉચ્ચત્તર વિભાગમાં પ્રથમ અપેક્ષા પટેલ, દ્વિતીય પંડયા લેખા વિજેતા બનેલ છે.

પ્રથમ અને દ્વિતીય આવનારને રૂા. ૫૦૦ અને રૂા. ૩૦૦ આશ્વાસન ઈનામ રૂા. ૧૦૦ મળેલ છે. આચાર્યા સંતોકબેન ચૌધરી, શરીફાબેન, રમીલાબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા છે.

કડી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૮

શ્રીમતી આર.જી. અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા માધ્યમિક શાળાની વિજ્ઞાન પ્રવાહની ૨૬૯ વિદ્યાર્થીનીઓએ ઈન્દ્રોડા નેચર પાર્કની મુલાકાત લીધી હતી. જેમાં ૧૦ શિક્ષકો માર્ગદર્શન બનેલ હતા. ડાયના સૉરની જુદી જુદી પ્રજાતિના સ્ટેચ્યુઝનો સર્વે અભ્યાસ કર્યો હતો. વિવિધ વનસ્પતિ, છોડવાઓનું નિદર્શન કર્યું. વિવિધપક્ષીઓનો અભ્યાસ કરેલ હતો. સુપરવાઈઝર ગીતાબેન પટેલ, જયેશભાઈ કાપડિયાએ માહિતી માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપ્યું હતું. આચાર્યા સુધાબેન પટેલ શુભેચ્છા પાઠવી હતી.

બાલવાનો અક્ષય ચૌધરી એથલેટિક્સ રમતમાં પ્રથમ

ગાંધીનગર, તા.૧૮

જિલ્લાકક્ષાની એથલેટિકસ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સ્વામીનારાયણ હાઈસ્કુલ બાલવાના વિદ્યાર્થી અન્ડર-૧૭માં ચૌધરી અક્ષય બળદેવભાઈ, લાંબીકુદ, ઊંચીકુદ, લંગડીફાળ કુદમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. જે રાજયકક્ષાએ રમવા જશે.

શાળાના વ્યાયામ શિક્ષક શૈલેષકુમાર પટેલ માર્ગદર્શન આપેલ હતું. આચાર્ય અર્જુનસિંહ પરમાર શાળા પરિવાર ટ્રસ્ટે અભિનંદન આપ્યા હતા.

એસ.વી. પીટીસી કોલેજમાં હિન્દી દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૮

એસ.વી. પીટીસી કોલેજ કડીમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ હિન્દી ભાષામાં જ પ્રત્યાયન થાય તેવા આગ્રહ સાથે દિનને વિશેષ બનાવ્યો હતો. આચાર્ય બાબુભાઈ પટેલે હિન્દી ભાષા વિશે સમજ આપી હતી.

પાયકા કેન્દ્ર બાલવાનું એથલેટિક્સમાં ગૌરવ

ગાંધીનગર, તા.૧૮

જિલ્લાકક્ષાના પાયકા એથલેટિકસ સ્પર્ધા અન્ડર-૧૬માં ચૌધરી અક્ષય ૧૦૦ મી.દોડ, લાંબી કૂદ, ઊંચી કૂદમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

આ વિદ્યાર્થીએ શાળા અને ગામનું ગૌરવ વધારેલ છે. માર્ગદર્શન પાયકા કિંડા શૈલેષકુમાર પટેલ અને આચાર્ય અર્જુનસિંહ પરમાર ટ્રસ્ટે અભિનંદન પાઠવ્યા છે.

ધોરણ-૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓ સેન્ટ્રલ સેક્ટર મેરીટ્સ સ્કોલરશીપ મેળવી શકશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૧૨માં લેવાયેલી ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ)ના પરિણામમાં જે વિદ્યાર્થીઓએ ૮૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેઓને સેન્ટ્રલ સેક્ટર મેરીટ્સ સ્કોલરશીપ મળી શકશે. સેન્ટ્રલ સેક્ટર મેરીટ્સ સ્કોલરશીપના ફોર્મ્સ રાજયના જે તે જિલ્લાના શિક્ષણાધિકારીઓની કચેરી ખાતે બોર્ડ દ્વારા મોકલી આપવામાં આવ્યા છે. રાજયની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યાને ૨૧મી સપ્ટેમ્બરના રોજ ૨૫મી સપ્ટેમ્બર સુધીમાં જિલ્લાના ડીઈઓ કચેરી ખાતેથી પોતાની શાળાનાં પાત્ર વિદ્યાર્થીઓના ફોર્મ મેળવી વિદ્યાર્થીઓને સત્વરે પહોંચતા કરવા જણાવવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓ, વાલીઓને સમયસર ફોર્મ મળી રહે તે માટે તથા માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા શાળા કક્ષાએથી ગોઠવવા આચાર્યોને અનુરોધ કરવામાં આવે છે. આ અંગેની વિગતવાર જાહેરાત ઉચ્ચશિક્ષણ કમિશનર કચેરીની સ્કોલરશીપ શાખા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવશે એમ પરીક્ષા સચિવે જણાવ્યું છે.

ઋતુશ્રી થોરાત હેન્ડબોલ સ્પર્ધામાં રાષ્ટ્ર કક્ષાએ

ગાંધીનગર, તા.૧૮

જૂનાગઢ ખાતે રાજયકક્ષાની હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સ્વામી- નારાયણ શિશુ વિદ્યાલયની ઋતુશ્રી વિશાલ થોરાતે સુંદર દેખાવ કરતાં રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામેલ છે. આચાર્ય ચીનુભાઈ પટેલ તથા શાળા પરિવારે ઋતુશ્રીને અભિનંદન પાઠવ્યા હતા.

સેક્ટર-૫ એમાં ગણેશ ચતુર્થી ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૮

સેક્ટર-૫ એ ખાતે સ્થિત પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વસાહતી ભાઈ-બહેનોના સહયોગથી ગણેશ ચતુર્થીની ઉજવાશે. આ ઉજવણીના આરંભે ગણેશજીની પૂજા-અર્ચના નીરુબેન નાયકના નિવાસસ્થાન, પ્લૉટ નં. ૩૯૨/૨, સેક્ટર-૫ એ ખાતે રાખવામાં આવી છે. ત્યારબાદ ત્યાંથી સવારે ૧૦ કલાકે ગણેશજીની શોભાયાત્રાનો આરંભ કરવામાં આવશે. સેક્ટરના તમામ આંતરિક રસ્તાઓ પર ફરીને ૧૨ કલાકે મંદિરે પરત આવશે.

શિક્ષકો વિદ્યાર્થીઓ પર વિશેષ છાપ છોડતા હોય છે

આઈઆઈટીઈ ખાતે ડૉ. મિનાક્ષી માર્ટીનનું પ્રવચન

ગાંધીનગર, તા. ૧૮

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટીચર એજ્યુકેશન ખાતે આજે ભારત સ્કાઉટ ગાઈડના વાઈસ પ્રેસીડેન્ટ તેમજ પ્રેસીડેન્ટ ઍવોર્ડ વિનર ડૉ. મિનાક્ષી માર્ટીન મહેમાન બન્યા હતા. તેમણે મનોચિકિત્સક તરીકે ગોવામાં સેવાઓ આપી છે તથા ગોવા સરકારની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. તેમણે મલયાલમ, મરાઠી ફિલ્મો તેમજ ટીવી સિરીયલ્સમાં અભિનય પણ આપ્યો છે. તેઓ હાલ અખિલ ભારતીય સ્તરની વુમન કાઉન્સીલમાં સક્રિય છે.

આઈઆઈટીઈ ગાંધીનગર ખાતે પોતાના પ્રવચનમાં તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ માત્ર પોપટ પાઠ જ નથી ભણાવવાનો. વિદ્યાર્થીઓને ફક્ત પુસ્તકિયું જ્ઞાન આપવાને બદલે તેમને આવનારા જીવન માટે જાગૃત કરવાના છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે શિક્ષકો વિદ્યાર્થીઓ પર વિશેષ છાપ છોડતા હોય છે. શિક્ષકોનાં પહેરવેશ સુદ્ધાંની છાપ વિદ્યાર્થીઓ પર પડતી હોય છે. તેથી એક શિક્ષકે વિશેષ સજાગ રહીને વિદ્યાર્થીઓ પર પડતા પોતાના પ્રભાવનો ખ્યાલ રાખવો જોઈએ. અંતમાં તેમણે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને વિદ્યાર્થીઓએ તેમનું પ્રવચન રસપૂર્વક સાંભળ્યું તેમજ માણ્યું હતું.

ફાયર સ્ટેશન ખાતે આજથી ગણેશ મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ફાયર બ્રિગેડ દ્વારા તા. ૧૯થી ૨૫ સપ્ટેમ્બર દરમ્યાન ગણેશ મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ફાયર સ્ટેશન ખાતે આ દિવસો દરમ્યાન ભગવાન શ્રી ગણેશનાં દર્શન માટે પધારવા સૌ ભાવિકોને ફાયર ઑફિસર મહેશભાઈ મોઢ દ્વારા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સમર્પણ કેમ્પસ ખાતે વૃક્ષ પ્રતિષ્ઠાન મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૮

સમર્પણ આર્ટસ- કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે વૃક્ષનારાયણની સ્થાપના કરવામાં આવી હતી.

૧૧૫ જેટલા વૃક્ષનારા.ણની સ્થાપન કરાયું હતું. ૫૦ રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓ દતક લઈ ઉછેરવાના શપથ લીધા હતા. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર જે. ચૌહાણે સામાજિક પ્રતિબદ્ધતા ખીલે તે માટે વૃક્ષારોપણની શીખ આપી હતી. આચાર્ય ડૉ. જે. એસ. પ્રજાપતિએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન આપેલ હતું. સમર્પણ કોલેજના તમામ અધ્યાપકો વૃક્ષ પ્રતિષ્ઠાન મહોત્સવમાં જોડાયા હતા.

મંગળવારે કેવડા ત્રીજ નિમિત્તે મહિલાઓએ મોટી સંખ્યામાં પતિના દીર્ઘાયુ માટે પરંપરાગત પૂજા કરી હતી. પ્રસ્તુત તસવીર પંચદેવ મંદિર ખાતે પૂજા કરી રહેલી મહિલાઓની છે. (તસવીર : દિપક જાની)

સિન્ડીકેટની ચૂંટણી જીતવા પૂર્વ કુલપતિ સાથે સરકારની બેઠક

અમદાવાદ, તા. ૧૮

આગામી ૩૦મી સપ્ટે.ના રોજ યોજાનાર ગુજરાત યુનિવર્સિટી સીન્ડીકેટની ચૂંટણી જીતવા રાજ્ય સરકાર પોતાની પ્રતિષ્ઠા નેવે મૂકી કૌંભાડી પૂર્વ કુલપતિ સાથે હાથ મિલાવી રહી છે. રાજ્ય સરકાર વતી પૂર્વ સીન્ડીકેટ સભ્ય અને સેનેટ સભ્ય દ્વારા તાજેતરમાં કૌંભાડી પૂર્વ કુલપતિ કે.એસ.શાસ્ત્રી સાથે બેઠક યોજી ચૂંટણી અંગે ચર્ચાઓ કરી આગામી રણનિતી તૈયાર કરી હોવાનું જાણવા મળ્યું છે. આશ્ચર્યની વાત એછેકે આ વતાની જાણ અન્ય કોઈ હોદ્દેદારોને પણ નથી. બીજીબાજુ રાજ્ય સરકારે ચૂંટણી જીતવા માટે કૌંભાડી કુલપતિ સાથે હાથ મિલાવતા શિક્ષણ જગતમાં તેના ઘેરા મત્યાઘાત પડયા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આગામી દિવસોમાં હોવાથી ગુજરાત યુનિવર્સિટી સિન્ડીકેટની ચૂંટણી જીતવી રાજ્ય સરકાર માટે પતિષ્ઠાનો જંગ થઈ ગયો છે. જેથી સરકાર કોઈ પણ જોખમ લેવા માંગતી નથી. બીજી બાજુ કોંગ્રેસ પણ આ ચૂંટણી જીતવા તમામ તાકાત લગાવી રહી છે. રાજ્ય સરકાર આ ચૂંટણી જીતવા કોંગ્રેસ સાથે જોડાયેલા ન હોય તેવા યુનિવર્સિટીના દિગ્ગજોને શોધી રહી છે. આ દિગ્ગજો કલંકિત હોય તો પણ સરકાર તેમની મદદ લઈ રહી છે.

આ અંતર્ગત રાજ્ય સરકારના પૂર્વ સીન્ડીકેટ સભ્ય અને હયાત સેનેટ સભ્યએ તાજેતરમાં જ ગુજ.યુનિ.ના પૂર્વ કુલપતિ કે. એસ. શાસ્ત્રી સાથે મિટીંગ યોજી હતી. આ મિટીંગમાં સીન્ડીકેટ ચૂંટણીની ચર્ચાઓ થઈ હતી અને આગામી રણનિતી પણ તૈયાર કરવામાં આવી હતી. આમા આશ્ચર્યની વાત એછેકે આ બેઠક અંગે ભાજપના કોઈ જ હોદ્દેદારો કે શિક્ષણ વિદ્વોને જાણ નથી.

યુથ કેમ્પસ

- ધ્વનિલ પારેખ

રાષ્ટ્રપતિએ કરેલી દેશના શિક્ષણની ચિંતા

દેશના શિક્ષણ વિશે અને એની નાજુક સ્થિતિ વિશે અહીં ઘણી બધી વખત લખવું છે છતાં ફરી આજે એ વિષયનું પુનરાર્તન જરા જુદા સંદર્ભે કરૂં છું. વિશ્વની ઉત્તમ ૨૦૦ યુનિવર્સિટીઓમાં ભારતનીએક પણ યુનિવર્સિટીનો સમાવેશ નથી. આ વાત આઘાતજનક અને ચિંતાજનક છે. ૧૦૦ યુનિવર્સિટીઓમાં સ્થાન નથી પણ આ તો ૨૦૦માં પણ એકપણ યુનિવર્સિટીનો સમાવેશ થઈ શક્યો નથી. આ બાબતે શિક્ષણ શાસ્ત્રીઓ, કેળવણીકારો ચિંતા સેવે એ વ્યાજબી છે પણ આ વખતે નવનિયુકત રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ પણ ચિંતા સેવી છે. આમ તો આપણે સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિને શિક્ષકદિન તરીકે ઉજવીએ છીએ પણ એ સિવાય પૂર્વ રાષ્ટ્રપતિઓએ આ બાબતે લક્ષ્ય આપ્યું હોય એવું બહુ ધ્યાનમાં આવતું નથી. અબ્દુલ કલામે પણ શિક્ષણની મહત્તા વિષે વધુ વાત કરી હતી અને એમને માટે વિજ્ઞાન શિક્ષણનું પણ એક મહત્વ હતું. પોતે વૈજ્ઞાનિક હોવાને કારણે એ વિજ્ઞાન શિક્ષણને મહત્વ આપે એ સ્વાભાવિક પણ છે. પરંતુ સમગ્ર તથા દેશના શિક્ષણની હાલત વિશે વર્તમાન રાષ્ટ્રપતિએ જે ચિંતા વ્યકત કરી છે એ વાજબી પણ છે અને સમયસરની પણ છે. પ્રશ્ન એ થાય છે કે, એવી તે કેવી શિક્ષણ વ્યવસ્થા અત્યારે છે? કેવા પ્રકારનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે? શિક્ષણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ કયા મુલ્યે ગ્રાહણ કરે છે? આપણએ આપણી પરંપરા અને સ્થાનિક ભાષાઓને અવગણીને માત્ર વિદેશી ભાષાને જ મહત્વ આપી રહ્યા છે, એવું તો નથી ને?- આ બધા પ્રશઅનો વર્તમાન શિક્ષણ વ્યવસ્થા સાથે સંકળાયેલા છે અને એના આમા એ શિક્ષણ દિવસેને દિવસે ખાડે જતું જાય છે ત્યારે રાષ્ટ્રપતિએ વિશે પોતાના વિચારો વ્યકત તો એક નવી આશા જન્મે છે.

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ બીજી એક બાબત ઉપર પણ ભાર મૂક્યો અને તે હિન્દી ભાષાના વ્યવહાર અને જે તે પ્રાદેશિક ભાષાના વ્યવહાર સંદર્ભે. જ્યાં સુધી સરકારી વ્યવહારમાં હિન્દી તથા પ્રાદેશિક ભાષાને વધુ મહત્વ આપવામાં નહીં આવે ત્યાં સુધી આ ભાષાઓ ઑક્સિજન ઉપર જીવતી રહેશે. પ્રજા તરીકે આપણે પણ આ બાબતનો વિચાર કરવો જોઈએ કે વ્યવહારમાં આપણે હિન્દી અને ગુજરાતીનો કેટલો ઉપયોગ કરીએ છીએ? આપણે રીક્ષાવાળા સાથે વાત કરવાની હોય ત્યારે હોટેલમાં વેઈટર સાથે વાત કરવાની હોય ત્યારે એને ગુજરાતી આવડતું હોવા છતાં હિન્દીમાં વ્યવહાર કરીએ છીએ. જ્યાં હિન્દીમાં વ્યવહાર કરવો જરૂર હોય ત્યાં આપણે અંગ્રેજીમાં વ્યવહાર કરીએ છીએ. ટૂકમાં, જ્યાં જરૂર હોય ત્યાં પણ આપણે આપણી સ્થાનિક ભાષા અને રાષ્ટ્રભાષાની અવગણના કરીએ છીએ. બેન્કમાં કે અન્ય ઠેકાણે હિન્દીમાં વ્યવહાર આવકાર્ય છે એવું આપણે વાંચીએ છીએ ખરાં પણ એનો અમલ કેટલો કરીએ છીએ? એવું પણ સાંભળ્યું છે કે, વહીવટી હિન્દી ભાષા વધારે કિલષ્ટ લાગે છે, તુલનામાં અંગ્રેજી વધારે સરળ લાગે છે એટલે પણ એનો ઉપયોગ વધારે થાય છે. આ વાતમાં કંઈક તથ્ય- સત્ય હશે પણ ઉપયોગમાં લેવાથી જ ભાષા વધારે સરળ બનતી જશે એ પણ સમજવું રહ્યું !

રાષ્ટ્રપટિ પ્રણવ મુખર્જીએ આ દિશામાં પોતાના વિચારો રજૂ કર્યા છે એ આવકાર્ય છે. એમનો જ પક્ષ અત્યારે કેન્દ્રમાં સત્તા સ્થાને છે. ત્યારે એમણે શિક્ષણ અને ભાષા બાબતે જે ચિંતા સેવી છે એ દિશામાં એમની ચિંતા દૂર થાય એવું કંઈક થાય એ અપેક્ષિત છે. ભારતની એકાદ યુનિવર્સિટી પણ વિશ્વની ઉત્તમ યુનિવર્સિટીઓમાં થાય એવું તો કોણ ન ઈચ્છે? મુદ્દો માત્ર વ્યવસ્થા બદલીને શૈક્ષણિક માળખું ઊભું કરવાનો છે!!

મુનિરાજશ્રી રત્નબોધિ વિજયજી મહારાજ સાહેબની અમૃતવાણી

સર્વ કોઈ ધર્મશાસ્ત્રોએ ક્ષમાને સાધનાનું મહત્વનું અંગ માન્યું છે

ક્રોધને સાધનાનો વ્યાક્ષેપક ગણવામાં સર્વ ધર્માચાર્યોની અને ધર્મશાસ્ત્રોની એકમતી છે

। ક્ષમાનો સાર્વત્રિક સ્વીકાર ।

જૈન શ્રમણ માટે ક્ષમા જેમ અનિવાર્ય અંગ છે, તેમ અન્ય સર્વ કોઈ ધર્મશાસ્ત્રોએ ક્ષમાને સાધનાનું મહત્વનું અંગ માન્યું છે. ક્રોધને સાધનાનો વ્યાક્ષેપક ગણવામાં સર્વ ધર્માચાર્યોની અને ધર્મશાસ્ત્રોની એકમતી છે.

પુરાણોમાં ક્ષમા :

દેવાતાઓ પૂજાથી તૃષ્ઠ થાય છે. જેટલા ઉંચી જાતના પુષ્પોની દેવની પૂજા કરવામાં આવે તેટલા દેવ જલ્દી તુષ્ટ થાય છે. માર્કણ્ડેય પુરાણઃ પદ્મપુરાણ આદિપુરાણો દેવપૂજા માટેના આંઠ ઉત્તમ પુષ્પો ચૂંટીને આપણા પૂજાના થાળામાં ગોઠવી આપે છે. આ રહ્યા તે પુષ્પો.

અહિંસા ઉત્તમ પુષ્પ છે, ઈન્દ્રિયનિગ્રહ બીજુ પુષ્પ છે. સર્વ પ્રાણી પર દયાએ ત્રીજુ પુષ્પ છે. અને ક્ષમા તો વિશેષ મહત્વનું ચોથુ પુષ્પ છે. ધ્યાન પાંચમું, તપ છઠ્ઠું. જ્ઞાન સાતમું અને સ્તય આંઠમું પુષ્પ છે. આ પુષ્પોની પૂજાથી દેવતા તુષ્ટ થાય છે.

આપણે તો આપણી પૂજાની થાળીમાં ક્રોધની વિષ્ઠા ગોઠવી છે. અને દેવનો આશીર્વાદ પામવો છે. વિષ્ઠાની પૂજાથી આશીર્વાદ મળે કે શાપ,તે તો મૂરખને ય ખબર પડે.

બૌદ્ધધ્મ અને ક્ષમા :

ગૌતમબુદ્ધે પણ ક્ષમાને પ્રાધાન્ય આપ્યું છે. કોઈને શિષ્ય બનાવતા પહેલાં તે ખાસ તેની ક્ષમાની કસોટી કરતા. તેમની ક્ષમાશીલતા માટેના અનેક પ્રસંગો પ્રસિદ્ધ છે. કેટલાક પ્રસંગો આ પુસ્તકમાં પણ વાંચવા મળશે. ગૌતમબુદ્ધનો અક્રોધથી ક્રોધને જીતવાનો ઉપદેશ સુપ્રસિદ્ધ છે. બૌદ્ધ ગ્રન્થોમાં લખ્યું છે કે, જે ઉત્પન્ન થયેલા ક્રોધને પથભ્રષ્ટ થયેલા રથની જેમ રોકી લે તે જ ખરા સારથી છે, બાકી બધા તો માત્ર લગામ પકડનારા છે.

કુરાનેશરીફ અને ક્ષમા :

ઈસ્લામનો ધર્મગ્રંથ છે - કુરાને શરીફ. ઈસ્લામ ધર્મના અનુયાયીઓ આ ગ્રંથને અત્યંત પવિત્ર અને પૂજનીય માને છે. આ ધર્મગ્રંથમાં અનેક જગ્યાએ ક્ષમાનો મહિમાં ગવાયો છે. અરબસ્તાનમાં હુસૈન નામનો ધર્મચુસ્ત શ્રીમંત હતો. તેને કુરાન પ્રત્યે અત્યંત પૂજ્યભાવ હતો. પણ તે ક્રોધી હતો. એકવાર તેના ગુલામના હાથમાંથી ગરમ પાણી ભરેલું વાસણ છટક્યું અને હુસૈનના પગ પર પડ્યું. નોકર શેઠની પ્રકૃતિ જાણતો હતો તેથી તે ખૂબ ગભરાયો, પણ તેને ખબર હતી કે શેઠને કુરાને શરીફનાં વચનો પ્રત્યે અત્યંત આદર અને પૂજ્યભાવ છે. ગરમ પાણી અડતા શેઠ લાલપીળા થયા કે તુરત આ ગુલામે કુરાનનું વાક્ય તેમને યાદ કરાવ્યું.

'જેઓ પોતાના ક્રોધને જીતે છે, તે સ્વર્ગ પામે છે.'

કુરાનનું વાક્ય સાંભળતા જ તેનો ક્રોધ અટક્યો. ગુલામે કુરાનનું બીજું વાક્યું કહ્યું :

'જે ક્ષમા આપે છે તેમને સ્વર્ગ મળે છે.'

તુરત જ હુસૈને ગુલામને તેની ભૂલ માટે ઉદારતાથી ક્ષમા આપી. હુસૈનના કુરાન પ્રત્યેના આદર ભાવનો હજુ વધુ લાભ આ ગુલામ ઉઠાવે છે. તે કુરાનનું ત્રીજું વાક્યું બોલ્યો.

'જે દયાળુ છે તે અલ્લાહને પ્રિય છે.'

તુરત હુસૈનના હૈયામાં દયાનું ઝરણું ફુટ્યું. તેણે ગુલામને ગુલામીમાંથી મુક્ત કર્યો અને કુરાનના આ બોધવચનો સંભળાવવા બદલ ચારસો અશરફી તેને ભેટ આપી.

કુરાનના ક્ષમાસંદેશનો પરિચય આપતો બીજો પણ એક પ્રસંગ :

એક ફકીર કુરાનના એક વાક્ય પર ચોકડી મારી તે જોઈને મૌલવી ખૂબ ગુસ્સે થયો. :

'કુરાન ખુદાનું રચેલું છે, તેમાં કાંઈ ખોટુ હોઈ શકે ખરૂ ? તેમાં તને શું બરાબર ન લાગ્યું ?'

ફકીરે તે વાક્ય બતાવ્યું.

'શયતાનસે તિરસ્કાર કરો.'

મૌલવીએ કહ્યું : આ વાક્યમાં ખોટુ શું છે ? ખુદાએ શયતાનને તિરસ્કાર કરવાનું કહ્યું તે બરાબર છે.' ત્યારે ફકીરે પોતાની મૂંઝવણ રજૂ કરી

'પણ કુરાન પઢનારને જગતમાં કોઈપણ વ્યક્તિ શયતાન લાગે ખરો ?' ફકીરે કુરાનમાંથી ગુણદર્શિના અને અધિકારના સુંદર પાઠોને કેવા હૃદયસ્થ કર્યા હશે.

ઈશુ ખ્રિસ્ત અને ક્ષમા :

ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈશુખ્રિસ્ત અને ધર્મગ્રંથ બાઈબલ પણ ક્ષમા ધરવાની રૂડી શિખામણો આપે છે. ઈશુનો ઉપદેશ છે કે, કોઈ તમારા એક ગાલે તમાચો મારે ત્યારે તને તમારો બીજો ગાલ પણ ધરજો. શત્રુની શત્રુતાને ખલાસ કરવાનો સુંદર ઉપાય ઈશુએ બતાવ્યો છે.

ઈશુને તેમના એક શિષ્યે પુછ્યું : 'પ્રભુ, કોઈ મારો અપરાધ કરે તો અને કેટીવાર ક્ષમા આપવી ? સાત વાર ?

ઈશુએ કહ્યું : સાત વાર નહિ, સિત્તેર વાર, ક્ષમાને ક્યારેય આંકડાથી મપાય નહિ.' કોઈના અપરાધો માટે એકાદ-બે વાર આંખ આડા કાન કરી લઈએ,પણ તેથી વધારે ચલાવી લેવાની આપણી તૈયારી નથી હોતી. પણ ત્યારે ઈશુનો આ ઉપદેશ યાદ કરવા જેવો છે. તેમને જયારે ક્રોસ પર ચડાવવામાં આવ્યા ત્યારે પણ તેમણે અપરાધીઓ પ્રત્યે દ્વેષ નથી કર્યો, તે કટોકટીના સંયોગમાં પણ તેમના મુખમાંથી વચનો નીકળ્યાં :

'પ્રભુ, તું તેમને ક્ષમા કરજે, કારણકે, તેમને ખબર નથી કે તે શું કરી રહ્યાં છે.'

ક્ષમાભાવ લાવવાનો કેટલો સરસ ઉપાય છે. અપરાધીની અજ્ઞાન દશાને નજર સામે લાવો. અજ્ઞાનતાને કારણે કોઈ ભૂલ કરે તો સહુ કોઈ ક્ષમ્ય ગણવા તૈયાર હોય છે. જાણી જોઈને ભૂલ કરતો લાગે ત્યારે પણ તેની અજ્ઞાનદશા (મોહદશા) જ તેને માટે જવાબદાર હોય છે. તેવું બરાબર સમજાઈ જાય તો કોઈની ભૂલ ક્યારેય અક્ષમ્ય લાગે ખરી ?

જરથોસ્તી અને ક્ષમા :

અષો જરથુસ્તે જરથોસ્તી ધર્મની સ્થાપના કરી અને પારસીઓ તે ધર્મના અનુયાયીઓ છે. તેમનું ધર્મસ્થાન અગિયારી કહેવાય છે. પતેતી તેમનો મુખ્ય તહેવાર છે. આ દિવસે અગિયારીમાં એકત્ર થઈને મૃત્યુ પામેલા સ્વજનો પ્રત્યે થયેલા અપરાધોની પારસીઓ ક્ષમા યાચે છે. ક્ષમાયાચનાના આ પવિત્ર વ્યવહારને 'પશ્યેમાની' કહેવામાં આવે છે.